
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ, રીપાર્ટ એવું કહે છે... આ છોટા રાજન પાસે પાંચ હજાર કરોડ છે... એવા બીજા પાંચ છોટા રાજન પકડાય તો તમારે કાળા નાણા પાછું લાવવાનું કામ ન કરવું પડે...!!

# શહેરમાં કરવાચોથની ભાવપૂર્ણ ઉજવણી

## પતિના દિર્ઘાયુ માટે પરિણિતાઓએ ઉત્સાહભેર કરવા ચોથનું વ્રત ઉજવ્યુ : જિલ્લા પંચાયતના મહીલા પ્રમુખ, મેયર સહીત મોટી સંખ્યામાં પરિણિતાઓએ મહાપૂજાનો લાભ લીધો

ગાંધીનગર, તા.૩૦

હિન્દુ સંસ્કૃતિમાં પરિણીત મહિલાઓ માટે સૌભાગ્યવતી રહેવું ખૂબ જ મહત્વનું ગણાય છે. ભારતીય મહિલાઓ પતિના લાંબા અને સ્વસ્થ આયુષ્ય માટે કરવા ચોથનું વ્રત કરે છે ખાસ કરીને ઉત્તર ભારતમાં આ વ્રતનો મોટો મહિમા છે. ગાંધીનગરમાં પણ ઉત્તર ભારતીયોની સંખ્યા નોંધપાત્ર હોઈ પાટનગરમાં પણ આ વ્રત કરનારી પરિણીતાઓની સંખ્યા વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. સેકટર-૨માં રહેતી ગુજરાતી મહિલા ભૂમિબેન જોગાણી પોતાના નિવાસસ્થાને છેલ્લા અગિયાર વર્ષથી કરવા ચોથની મહાપૂજાનું આયોજન કરે છે. જેમાં ગાંધીનગર અને અમદાવાદની ઉત્તર ભારતીય મહિલાઓ મોટી સંખ્યામાં જોડાય છે.

ગાંધીનગરમાં વસતા ગુજરાતી ભૂમિબેન જોગાણીને ત્યાં આ વ્રતની પૂજામાં અમદાવાદમાં રહેતા સેટેલાઈટ, વસ્ત્રાપુર, પ્રહલાદનગર, મણિનગર, બોપલ, નિકોલ, બાપુનગર સહિતના વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ગુજરાતી બહેનો પુજા કરવા ઉત્સાહભેર જોડાય છે.

ભૂમિબહેને તેમના નિવાસસ્થાને ૧૧ વર્ષ પૂર્વે પૂજાની શરૂઆત માત્ર બે મહિલાઓથી કરી હતી જયારે આજે તેમાં ૭૦થી વધુ બહેનો જોડાઈ એક સાથે પોતાના પતિઓની લાંબા આયુષ્ય માટે પુજા કરે છે. કરવા ચોથની આ વખતની પુજામાં જિલ્લા પંચાયતના પ્રમુખ હિનાબેન પટેલ, મેયર હંસાબેન મોદી, મમતાબેન તથા પરમજીત છાબડા પણ પુજામાં જોડાયા હતા. આ વ્રતની પૂજામાં પ્રસાદરૂપે ફેનીયા આપી હતી. આ વ્રતની પુજાની કથા પુજાબેન ઝબાએ ખુબ જ સરસ રીતે કરાવી હતી.




(તસવીર : દિપક જાની)



# સે-૨૪ના પીળા પટ્ટા વિસ્તારમાં ગટર લાઇનમાં ગાબડુ

## છેલ્લા બે મહીનાથી દુષિત પાણીનો ભરાવો થાય છે : સમસ્યાથી ત્રસ્ત રહીશો આગામી સોમવારે તંત્રના અધિકારીઓ સમક્ષ હોબાળો કરશે

ગાંધીનગર તા ૩૦

શહેરના સે-૨૪ના પીળાપટ્ટામાં ગટરલાઈનમાં ગાબડુ પડતા છેલ્લા બે મહીનાથી ગટરનુ દુષિત પાણી રસ્તાઓ પર ઉભરાય છે. સ્થાનિક રહિશોના ઘર આંગણે પણ દુર્ગંધયુકત પાણીનો ભરાવો થતા ગંદકીના લીધે રહીશો તોબા પોકારી ગયા છે આવી સ્થિતિમાં ગમે ત્યારે રોગચાળો પ્રવર્તે તેવી દહેશત પ્રવર્તી છે. લાંબા સમયથી ફરિયાદનુ નિરાકરણ ન આવતા સ્થાનિક નાગરિકો દ્વારા સોમવારે પાટનગર યોજના વિભાગમાં ઉગ્ર રજુઆત કરી હોબાળો મચાવાશે.

શહેરમાં ગટરો ઉભરાવાની સમસ્યા આમ નાગરિકો માટે શિરદર્દ સમાન બની છે. જેમાં ખાસ કરીને જુના સેકટરોમાં છાશવારે ગટરો ઉભરાવાની ફરિયાદોના લીધે સ્થાનિક રહીશોમાં રોષ જોવા મળી રહયો છે. સે-૨૪માં વારંવાર ગટરોનુ દુષિત પાણી રસ્તા પર ઉભરાતુ હોવાનો કકળાટ પ્રવર્તે છે. સેકટરના પીળા પટ્ટા વિસ્તારમાં છેલ્લા બે મહીનાથી ગટરો ઉભરાતા સ્થાનિક રહીશો તોબા પોકારી ગયા છે. પીળા પટ્ટાના વિસ્તારમાં કોર્નર પર ગટર લાઈન તુટેલી હાલમમાં છે. કોઈભારે વાહનની અવરજવરના લીધે ગટરલાઈન તુટતા આ વિસ્તારમાં છેલ્લા ઘણાં સમયથી રોજબરોજ દુષિત પાણી ઉભરાય છે. જેના લીધે સ્થાનિક રહીશોના ઘર આંગણે દુષિત પાણીનો ભરાવો થાય છે. અસહ્ય દુર્ગંધયુક્ત માહોલના લીધે રહીશોમાં પણ રોગચાળાની દહેશત પ્રવર્તી છે. આ મામલે જાગૃત નાગરિકો દ્વારા તંત્ર સમક્ષ રજુઆત કરવા છતા કોઈ પગલા લેવાયા નથી જેના પરિણામે નાગરિકોમાં રોષ પ્રવર્તયો છે. અનેક રજુઆતોના અંતે પણ કોઈ પગલા ન લેવાતા આગામી સોમવારે રહીશો દ્વારા પાટનગર યોજના ભવનની કચેરીએ હોબાળો મચાવી સમસ્યાના નિવારણ માટે રજુઆત કરશે.





# ૯મી નવેમ્બરથી ૨૧ દિવસના વેકેશન માટેનો શુભારંભ

## આઠમી નવેમ્બરે રવિવાર આવતો હોવાથી વિદ્યાર્થીઓને કુલ ૨૨ દિવસનું દિપાવલી વેકેશન રહેશે : વિદ્યાર્થી ખુશ

અમદાવાદ, તા.૩૦

રાજયની પ્રાથમિક-માધ્યમિક શાળાઓમાં આગામી ૯મી નવેમ્બરથી દિવાળી વેકેશનનો પ્રારંભ થશે. આ દિવાળી વેકેશન ૨૧ દિવસનું રહેશે. જયારે આગામી ૩૦મી નવેમ્બરથી શાળા-કોલેજોમાં બીજા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે. દિવાળી વેકેશન શરૂ થાય તે પહેલાં ૮ નવેમ્બરે રવિવાર આવતો હોવાથી આ વખતે વિદ્યાર્થીઓને કુલ ૨૨ દિવસનું દિવાળી વેકેશન રહેશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજયના શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં કુલ ૨૧ દિવસનું સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. આ વેકેશનનો આગામી નવ નવેમ્બરની સત્તાવાર રીતે પ્રારંભ થશે. જોકે વિદ્યાર્થી સાત નવેમ્બરથી જ વેકેશન પાડી દેશે. જેને લઈને વિદ્યાર્થીઓનાં કળબળાટ વગર શાળા-કોલેજોમાં કેમ્પસ બની જશે. અત્યારે રાજયની તમામ શાળાઓમાં ધોરણ-૧૧-૧૨ સામાન્ય પ્રવાહની અધવાર્ષિક પરીક્ષા પૂર્ણ થઈ ચુકી છે. જયારે ધોરણ-૧૧-૧૨ વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર પરીક્ષા ચાલી રહી છે. જે આગામી ૭ નવેમ્બરનાં રોજ પૂર્ણ થઈ રહી છે. જેનાં કારણે ૮મી નવેમ્બરથી તમામ ધોરણનાં વિદ્યાર્થીઓ માટે દિવાળી વેકેશનનો પ્રાંરભ થઈ જશે. જયારે આગામી ૩૦મી નવેમ્બરથી શાળાઓમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે. આ દિવાળી વેકેશનને લઈને વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ આયોજનો પણ કરી દેવામાં આવ્યા છે. મોટાભાગનાં વિદ્યાર્થીઓ દિવાળી વેકેશન દરમિયાન બહાર ફરવા જતા હોય છે. જો કે કેટલાક વિદ્યાર્થીઓ વેકેશનનો સદઉપયોગ કરીને પ્રથમ શૈક્ષણિક સત્રના અભ્યાસક્રમ પર નજર નાખીને સુસજ્જ બને છે. વેકેશનનાં પગલે કેટલાક વિદ્યાર્થીઓ કોંચીગ કલાસમાં જોડાઈને પોતાની બ્રેઈન ડેવલપલીંગ એકટીવીટીમાં જોડાતા હોય છે. જોકે દિવાળી વેકેશનને લઈને વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહની લાગણી જણાઈ રહી છે. આમ તો અધવાર્ષિક પૂર્ણ થતા જ વિદ્યાર્થીઓ વેકેશનમાં મુડમાં આવી ગયા છે.

## દિવડા પ્રગટાવી પ્રદૂષણ રહિત દિવાળી મનાવીએ

દિવાળી પર્વને પ્રકાશમય બનાવવા દિવડાઓ પ્રગટાવી પ્રદૂષણ રહિત દિવાળી મનાવીને પ્રદૂષણ અને તેની અસરોથી થતા નુકસાનને બચાવવા સંકલ્પ કરીએ, તેમ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની યાદીમાં જણાવાયુંછે.

રાજ્યના વન અને પર્યાવરણ વિભાગ તથા પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા સર્વોચ્ચ અદાલતના આદેશને ધ્યાનમાં રાખી રાજ્યના પ્રજાજનોને દિવાળી પર્વ નિમિત્તે ઓછા અવાજવાળા, ઓછો ધુમાડો ઉત્પન્ન કરે તેવા તથા ગમે તેમ ઉડીને અન્યને નુકશાન ન કરે તેવા ફટાકડા ખરીદવા અને ફોડવા અનુરોધ કરાયો છે, જેથી ફટાકડાથી થતા નુકસાનને ન્યુનત્તમ બનાવી શકાય. સમગ્ર દેશમાં ફટાકડા ફોડવાથી થતા પ્રદૂષણ અને તેની અસરોથી જનતા અને જાનમાલને થતા નુકસાનને ધ્યાનમાં લઈને ફટાકડા ન ખરીદવા તથા ફોડવા નહીં એવો નિર્ધાર કરીને જનજાગૃતિ માટે પ્રચાર કરવા માટે સર્વોચ્ચ અદાલત દ્વારા પણ આદેશ કરાયો છે.

# દિવાલીના શુભ મુહૂર્ત

## ચોપડા, ધનપૂજન, દિવાળીના શુભ મુહૂર્તો

● **વિક્રમ સંવત-૨૦૭૧ નવા ચોપડા ખરીદવા વિ.શં. મુહૂર્તો**

આસો વદ સાતમ સોમવાર

તા. ૨-૧૧-૨૦૧૫

પુનર્વસુ નક્ષત્ર ૧૬.૨૪ મિનિટ સુધી ત્યાર પછી પુષ્ય નક્ષત્ર

વિષ્ટિ સમાપ્ત ૧૭.૦૦ મિ.

મુહૂર્ત સાંજના ૧૭.૦૦થી ૧૯.૩૪ મિનિટ સુધી.

આસો વદ-૦૮ મંગળવાર, તા. ૦૩-૧૧-૨૦૧૫ પુષ્ય નક્ષત્ર ૧૭.૫૨ મિ. સુધી

મુહૂર્ત :- ચલ, લાભ, અમૃત ચોઘડિયામાં સવારે ૯.૩૭થી ૧૩.૫૨. મિનિટ સુધી.

બપોરે શુભ :- ૧૫.૧૭થી ૧૬.૪૨ મિનિટ સુધી.

આસો વદ ૧૩ને સોમવાર

તા. ૦૯-૧૧-૨૦૧૫ ધનતેરસ, ધન્વંતરી જયંતિ

**ધનપૂજન મુહૂર્તો**

સવારે - ૬.૫૦ ૮.૧૩ સુધી

સવારે - ૯.૩૬ થી ૧૧.૦૦ સુધી

બપોરે - ૧૩.૪૬ થી ૧૭.૫૬ સુધી

સાંજે - ૧૭.૫૬ થી ૧૯.૩૩ સુધી

રાત્રે - ૨૨.૪૭થી ૨૪.૧૪ સુધી

● **ધનલક્ષ્મી-શારદા, ચોપડા વિગેરેના શ્રેષ્ઠ મુહૂર્તો :- સંવત - ૨૦૭૧ના આશ્વિન**

વદિ અમાસ બુધવારના ૧૧-૧૧-૨૦૧૫ સાંજથી પ્રદોષકાળ વ્યાપિની છે.

પ્રદોશકાળમાં વૃષભ સ્થિર લગ્ન કુંભ સ્થિર

નવમાંશ, ઉપરાંત વૃષભ સ્થિર, લગ્ન, વૃષભ સ્થિર

નવમાંશના સમયને ઉત્તમ ગણેલ છે.

આસો વદ અમાસના ૧૧-૧૧-૨૦૧૫ બુધવાર સાંજના અમાસ પ્રદોષકાળ યુક્ત અમાવાસ્યા હોવાથી આ દિવસે લક્ષ્મીપૂજન કરવું શાસ્ત્ર શુદ્ધ છે.

**ચોઘડિયા પ્રમાણે મુહૂર્તો જોતાં**

સવારે - ૬.૫૨ થી ૯.૩૮

સવારે - ૧૧.૦૧ થી બપોરના વિજય મુહૂર્ત સુધી

સાંજે - ૧૯.૩૪ થી ૨૪.૨૪

રાત્રે - ૨૭.૩૮થી ૨૯.૧૫ એટલે રાત્રિના ૩.૩૮ પરોઢીયામાં ૫.૧૫ સુધી મુહૂર્તમાં નિશિયકાળ લેવો પણ સારો

- અંબારામ પટેલ, ગાંધીનગર

# વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા ગેરહાજર વિદ્યાર્થીમાં ઘટાડો

## પરીક્ષાના પ્રથમ દિવસે જ એક પણ કોપી કેસ ન નોંધાયો

અમદાવાદ, તા.૩૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવનાર વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર પરીક્ષાનો પ્રારંભ થયો છે. પ્રથમ દિવસ પરીક્ષા શાંતિપૂર્ણ રીતે લેવામાં આવી હતી. આ વખતે બોર્ડની પરીક્ષામાં ખાસ ગેરહાજર રહેતા વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે.

સેમેસ્ટર-૩ની પરીક્ષામાં નોંધાયેલા ૧,૩૪,૩૨૨ વિદ્યાર્થીઓ પૈકી ૧,૩૨,૫૨૬ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. એટલે કે માત્ર ૧૭૯૬ વિદ્યાર્થીઓ જ ઘેરહાજર રહ્યા હતા. જ્યારે સેમેસ્ટર-૧ની પરીક્ષામાં નોંધાયેલા ૧,૪૩,૯૭૪ વિદ્યાર્થીઓ પૈકી ૧,૪૩,૬૫૩ વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજર રહ્યા હતા. એટલે કે માત્ર ૩૨૧ વિદ્યાર્થીઓજ ઘેરહાજર રહ્યા હતા. ચાલુ વર્ષે ઘેરહાજર રહેલ વિદ્યાર્થીઓની સંખ્યામાં જંગી ઘટાડો નોંધાયો છે. બીજી બાજુ આજે લેવાયેલ બંન્ને સેમેસ્ટરની પરીક્ષાઓમાં એક પણ કોપી કેસ ન નોંધાતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. આજ પરીક્ષાનાં મુજબ દિવસે વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરીને વિદ્યાર્થીઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

આજે વિદ્યાર્થીઓ પરીક્ષાના નિર્ધારીત સમય કરતા અડધો કલાક પહેલાજ વિદ્યાર્થીઓ પરીક્ષા કેન્દ્ર ખાતે પહોંચી ગયા હતા. તેમજ શાળાના સંચાલકો દ્વારા વિદ્યાર્થીઓને આવકારવામાં આવ્યા હતા. તેમજ પરીક્ષા દરમિયાન ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવેલી હતી. તેમજ આજે લેવાયેલ ભૌતિક વિજ્ઞાન અને રસાયણ વિજ્ઞાનનો પેપર પણ પ્રમાણમાં સરળ રહેતા વિદ્યાર્થીઓએ રાહતનો શ્વાસ લીધો હતો.

હવે આગામી સોમવારે લેવાના પેપર પડેલા બે દિવસની રજા મળતી હોવાથી વિદ્યાર્થીઓને પેપર પહેલા અભ્યાસક્રમનું રિવિઝન કરવાનો સમય મળી રહેશે.

**ટચુકડી જાહેર ખબર**

દર ગુરુવારે-રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧

## ખૂણે ખાંચરેથી...

● સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિની ઉજવણીને આખરી ઓપ આપવામાં તંત્ર આજે સતત વ્યસ્ત રહ્યું હતું.

● ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીના પટેલે તેમને મળેલ સરકારી કાર તંત્રમાં જમા કરાવી દીધી છે.

● જિલ્લા પંચાયતના કાર્યપાલક ઈજનેર શ્રી પટેલ તથા સિનીયર કલાર્ક શ્રી મહેતા આજે વય મર્યાદાને લઈ નિવૃત્ત થતાં તેમને કર્મચારીઓએ ભાવભીની વિદાય આપી હતી.

● સે. ૭માં શોપીંગ સેન્ટરની સોલાર લાઈટો બંધ થઈ જવા પામી છે.

● જિલ્લામાં આવી રહેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને પગલે ટિકિટ વાંચ્છુઓ દ્વારા ગામે ગામ ખાટલા પરિષદોનો દોર શરૂ થઈ ગયો છે.

● ગાંધીનગર શહેરમાં જૂની સોસાયટીઓમાં ગણતરી થાય છે તેવી સત્યમ્ સાવેસાયટી સે. ૨૨ની આજે ખાસ બેઠક મળી હતી.

## રાજ્યભરમાં ઠંડીનો ચમકારો

અમદાવાદ, તા. ૩૦

ગુજરાતના જુદા-જુદા ભાગોમાં હવે તાપમાનમાં ઉતાર ચઢાવની સ્થિતિ જોવા મળી રહી છે. અલબત્ત ગઈકાલની સરખામણીમાં લઘુત્તમ તાપમાનમાં વધારો થયો છે. પરંતુ સ્થિતિ ઠંડીની દેખાઈ રહી છે. લોકોને રાત્રિ ગાળામાં ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. કેટલાક લોકો તો ગરમ વસ્ત્રો પણ પહેરવા લાગી ગયા છે. બીજીબાજુ આજે રાહતજનક સમાચાર એ રહ્યા હતા કે કોઈપણ પ્રકારની ચેતવણી ઓછા તાપમાન માટેની જારી કરવામાં આવી નથી. અમદાવાદમાં આજે લઘુત્તમ તાપમાન ૧૯ ડિગ્રી રહ્યું હતું. જ્યારે મહત્તમ તાપમાન ૩૧.૨ ડિગ્રી રહ્યું હતું. ડિસામાં લઘુત્તમ તાપમાન ૧૭ ડિગ્રી રહ્યું હતું. તાપમાનમાં ફેરફારની સ્થિતિ જોવા મળી રહી છે.

બાળકો અને મોટી વયના લોકો રોગના સકંજામાં આવી રહ્યા છે. દરમિયાન તીવ્ર ચક્રવાતી વાવાઝોડું હવે પશ્ચિમ મધ્ય અરેબીયન દરિયામાં સ્થિર થયું છે.

**સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ**

(ગુજરાત સરકારનું સંપૂર્ણ માલિકીનું સાહસ)

**જાહેર નિવિદા નં. ૪ સને ૨૦૧૫-૧૬**

સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ ગાંધીનગરની વડી કચેરી દ્વારા નીચે જણાવેલ કામો માટે ઈ-ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવે છે.

| અનુ નં. | કામની વિગત | ૧. અંદાજીત રકમ ૨. ટેન્ડર ફી | બાનાની રકમ |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ બ્લોક નં.૧, નવા સચિવાલય - ગાંધીનગરના માળ નં. ૪, ૬ અને ૭ માળના રીનોવેશન અંગેના કામ કરાવવા અંગે. (રૂપિયા લાખમાં) | | |
| | (અ) સીવીલ કામો | ૧. રૂ. ૧૦૮ લાખ ૨. રૂ. ૩૬૦૦/- | રૂ. ૧,૦૮,૦૦૦-૦૦ |
| | (બ) ઈલેક્ટ્રીકલ, આઈ.ટી. નેટવર્કીંગ અને સાઉન્ડ સીસ્ટમ | ૧ રૂ. ૪૮.૬૧ લાખ ૨. રૂ. ૧૫૦૦/- | રૂ. ૪૯,૦૦૦-૦૦ |
| | (ક) ફર્નિચરના કામો | ૧. રૂ. ૧૩૫.૪૭ લાખ ૨. રૂ. ૩૬૦૦/- | રૂ. ૧,૩૬,૦૦૦-૦૦ |

૧. ટેન્ડર દસ્તાવેજો - પ્રાઈસ બીડ ડાઉનલોડ કરવાની છેલ્લી તા. ૨૦/૧૧/૨૦૧૫, ૧૮-૦૦ કલાક સુધી

૨. ટેન્ડર ફી રોકડા તથા બાનાની રકમનો ડીડી સરદાર સરોવર નર્મદા લી. નામનો તથા ડૉક્યુમેન્ટ રૂબરૂ રજૂ કરવાની છેલ્લી તા. ૨૧/૧૧/૨૦૧૫, ૧૧-૦૦ થી ૧૬-૦૦ કલાક સુધી

૩. ટેન્ડર ડૉક્યુમેન્ટ વેરીફીકેશન કરવા અંગેની તા. ૨૧/૧૧/૨૦૧૫, ૧૬-૦૦ કલાકે (શક્ય હશે તો) વધુ વિગતો માટે ઉક્ત કચેરીનો સંપર્ક કરવો. ટેન્ડર ડાઉનલોડ/અપલોડ કરવા તા. ૨૯/૧૦/૨૦૧૫ના રોજ http://ssnnl.nprocure.com વેબસાઈટ પર મુકવામાં આવેલ છે.

વેબસાઈટ : www.sardar sarovar dam.org

આસી. જનરલ મેનેજર (વહીવટ)

સસનનિલિ, ગાંધીનગર

માહિતી/૧૮૩૦/૧૫-૧૬

**ધી જૂનાગઢ કોમર્શીયલ કો-ઓપરેટીવ બેંક લી., જૂનાગઢ**

હેડ ઓફીસ : ચંદ્રકાન્ત માલવિયા સ્મૃતિ ભવન, ચોક્સી બજાર, જૂનાગઢ - ૩૬૨૦૦૧

**ખાસ સાધારણ સભાની નોટીસ**

ધી જૂનાગઢ કોમર્શીયલ કો-ઓપરેટીવ બેંક લી. જૂનાગઢના તમામ સભાસદોને આથી જાણ કરવામાં આવે છે કે, આપણી બેંકની ખાસ સાધારણ સભા તા. ૭/૧૧/૨૦૧૫ને શનિવારના રોજ સાંજે ૫-૩૦ (૧૭-૩૦) કલાકે હોટેલ લોટસ કોન્ફરન્સ હૉલ, પહેલા માળે, રેલવે સ્ટેશન પાસે, જૂનાગઢ મુકામે નીચેના કાર્યો હાથ ધરવા મળશે, તો સર્વે સભાસદશ્રીઓએ હાજર રહેવા વિનંતી છે.

**કાર્યસૂચિ**

(૧) ગત તા. ૨૮/૯/૨૦૧૫ના રોજ મળેલ ૪૫મી વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહિની નોંધ (મીનીટ્સ)ને વંચાણે લઈ બહાલી આપવા અંગે

(૨) જામનગર સ્થિત વર્ધમાન કો-ઓપ. બેંક લી.નું એકત્રીકરણ (મર્જર) કરવા અંગે.

(૩) પેટા નિયમ નં. ૧૯ (૭) મુજબ પ્રમુખ સ્થાનેથી જે કાંઈ રજૂ થાય તે.

જૂનાગઢ

તા. ૨૯/૧૦/૨૦૧૫

બોર્ડ ઓફ ડીરેક્ટર્સની સૂચનાથી

સહી/- (રાજેશ જે. મારડીયા)

સી.ઈ.ઓ.

ધી જૂનાગઢ કોમર્શીયલ કો-ઓપ. બેંક લી. જૂનાગઢ

**ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.**

મધુર ડેરી, ઈલેક્ટ્રીક એસ્ટેટ, સેક્ટર-૨૫, ‘ક’ રોડ, ગાંધીનગર - ૩૮૨૦૨૩

ફોન : ૨૩૨૮૭૧૩૪ થી ૩૮, ફેક્સ : ૨૩૨૮૭૧૪૦

**સંસ્થાના વર્ષ : ૨૦૧૫-૧૬ના કેલેન્ડર પ્રિન્ટીંગ કરી સપ્લાય કરવાનો અને સંસ્થાની વર્ષ-૨૦૧૬ની ડાયરી છાપવાનો કોન્ટ્રાક્ટ આપવાનો છે.**

**કેલેન્ડરની વિગત :** સવંત ૨૦૭૨ (વર્ષ ૨૦૧૫-૧૬) માટેના, નમુના મુજબના કેલેન્ડર આશરે ૬૦,૦૦૦/- છાપી તૈયાર કરી, સપ્લાય કરી આપવાના કોન્ટ્રાક્ટ માટે કેલેન્ડરની માહિતી તેમજ ટેન્ડર ફોર્મ ફી રૂ. ૧૦૦૦/- (નોન રીફંડેબલ) રોકડા, સંસ્થાના હિસાબ વિભાગમાં ભરીને, જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી તા. ૩/૧૧/૨૦૧૫ સુધીમાં રૂબરૂમાં મેળવી લેવાના રહેશે. ટેન્ડર સાથે રૂ. ૨૫૦૦૦/- (રીફંડેબલ)નો ડી.ડી. ગાંધીનગર જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.ના નામનો બીડીને, ભરેલ ટેન્ડર સીલબંધ કવરમાં ‘કવર ઉપર કેલેન્ડરના ભાવ/ઓફર’ લખીને તા. ૪/૧૧/૨૦૧૫ ના બપોરના ૩-૦૦ કલાક સુધીમાં રૂબરૂમાં પહોંચાડવાના રહેશે.

**ડાયરીની વિગત :** અત્રેની સંસ્થાને, અમારા નમુના મુજબની તથા નીચેની સાઈઝમાં ૨૦૦૦ (બે હજાર) નંગ ડાયરીની જરૂરિયાત હોઈ, ડાયરી છાપવા માટેના આપના ભાવ / ઓફર તા. ૪/૧૧/૨૦૧૫ સુધીમાં અત્રેની સંસ્થામાં સીલબંધ કવરમાં, કવર ઉપર ‘ડાયરી છાપવાના ભાવ/ઓફર’ લખીને રૂબરૂમાં પહોંચતા કરવા આથી જણાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| સાઈઝ | : | ૬.૮ X ૯.૩૦ |
| કુલ પેઈઝ | : | ૩૯૪ |
| ટાઈટલ | : | મલ્ટી કલર ૧૭૦ G.S.M. આર્ટ પેપર, થર્મલ મેટ લેમીનેશન |
| ફોર કલર | : | ૩૦ પેજ,, ૧૩૦ G.S.M. આર્ટ પેપર |
| અંદરના પેઈઝ | : | ૬૫ G.S.M. પેપર |
| બાઈન્ડીંગ | : | પાકુ બાઈન્ડીંગ |

ઉક્ત ભરેલ ભાવ કે ઓફર સ્વીકારવા કે નહીં સ્વીકારવા અંગે મેનેજીંગ ડીરેક્ટરશ્રીનો અબાધિત અધિકાર રહેશે.

નોંધ : કેલેન્ડર, ડાયરીનો નમુનો રૂબરૂમાં જોવા મળશે.

મેનેજીંગ ડીરેક્ટર